2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૧૬

વર્ષ - ૩ ● અંક -૧૭૨ ● સળંગ અંક - ૮૦૬ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

સૂર્યોદય - ૦૭.૧૩.૨૪
સંવત - ૨૦૭૭
માગસર વદ - ૦૩, શુક્રવાર
તા. ૦૧-૦૧-૨૦૨૧
સૂર્યાસ્ત - ૦૬.૧૦.૫૪

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org



*વડાલાના લાલજી વેલજી ગોગરી ઉ. ૮૨ કોવિડથી ૩૦-૧૨-૨૦ના મુંબઈમાં અરિહંત શરણ પામેલ છે. વેલબાઈ રવજીના પૌત્ર. તેજબાઈ વેલજીના પુત્ર. કસ્તુરબેનના પતિ. જલ્પાના પિતાશ્રી. ટોડા વિરલ તલકશીના સસરા. તનીશના નાના. પદમશી, અમૃતબેન, રતનબેન, ચંચળબેન, મેઘજી, અશોક, પ્રભાબેન, હસમુખના ભાઈ. શાંતાબેનના દિયર. નિર્મળા, લલીતા, પ્રીતીના જેઠ. સાડાઉ રામજી ધારશી, બારોઈ ઠાકરશી શામજી, ભુજપુર માવજી ધારશી, વડાલા વસંત ભવાનજીના સાળા. પાનબાઈ વશનજી, ભાગવંતી રાઘવજી, લધીબાઈ-મણીબેન પ્રેમજી લાલજી, મોખા કુવરબાઈ વશનજીના ભત્રીજા. ગુંદાલા વેજબાઈ વેલજીના દોહીત્ર. પત્રી ભમીબાઈ વરજાંગના પૌત્રીવર. ભાણબાઈ પ્રેમજીના જમાઈ. અમૃત, કેસર, કાંતીલાલ, ભદ્રા, ગુણવંતીના બનેવી. રક્ષાના નણંદોઈ. સાડાઉ માવજી રાયશી, રતાડીયા (ગ.) ભવાનજી વીરજી, બારોઈ કાંતીલાલ મગનલાલ, ભારાપુર પ્રવિણ કુંવરજીના સાઢુ. ગુંદાલા મુલબાઈ જખુના દોહીત્રી વર. ટોડા શીલાબેન તલકશી મુરજી ગાલાના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. કસ્તુરબેન ગોગરી, એ-૧૦૭, હેમનગર, કેસરી પાર્ક, આંબાવાડી રોડ, નાલાસોપારા (ઈ.) ૪૦૧૨૦૩. મો.નં. વિરલ-૯૮૨૦૦૮૦૫૮૨, જલ્પા-૮૯૭૬૭૭૮૭૭૧. કસ્તુરબેન હોસ્પીટલમાં છે એમને ફોન કરવો નહીં.*

4/1/1 -------- (1-1)

**|| નેત્રદાન માટે મૃત્યુબાદ તુરંત સંપર્ક કરો ||**
**સુ-મતિ ગ્રુપ-મુલુંડ (ઈ.) ૯૮૨૦૦૫૨૯૩૬**

### મરણ નોંધમાં સુધારો

તા. ૩૧-૧૨-૨૦૨૦ની ખબર પત્રિકામાં વડાલાના માવજી કેશવજી વીરાની મરણ નોંધમાં વડાલાના રસીકલાલ, અમૃતબેન અને હસમુખલાલના બનેવી, જયશ્રીબેન અને રંજનબેનના નણંદોઈ. વડાલાના ચુનીલાલ નરશી છેડાના સાઢુભાઈ, સાડાઉના બુધ્ધિબાઈ ડુંગરશીના દોહીત્ર એમ સુધારીને વાંચવું. પરીવાર તરફથી મિચ્છામી દુક્કડમ્. લિ. પરીવારજનો.

4/1/1(14) -------- (A-4082)(1-2)

### (JYF) જૈન યુથ ફોરમ
### સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે (ઘી, તેલ, સાકર, ગોળ, દુધ, દહીં) માંથી બે વિગયનો ત્યાગ કરીશ. (રસ પરિત્યાગ તપ નિપજાવવા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● JYF સાથે કનેક્ટ થવા તમારા વોટ્સએપ નંબરથી 9372976665 ઉપર JYF કરી મેસેજ કરો.

● Job Requirement at Gnadhidham : Office Boy : 8141319938.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(9) -------- (A-3923)(1-3)

## મહિલા સંસ્થા સમાચાર

### 'કચ્છી મહિલા ફેડરેશન' દ્વારા
### નુતન વર્ષ ૨૦૨૧ના પ્રેમભર્યા વધામણાં

કોરોનાના કહરથી ૨૦૨૦નું વર્ષ વસમુ બની ગયું. ૨૦૨૧ની સુપ્રભાતે પ્રભુને પ્રાર્થના કરીએ... તેં તો આ વિશ્વનું ખૂબ જ સુંદર સર્જન કર્યું છે, તો તેની સંભાળ પણ તારે રાખવાની છે. આ કોરોનાની બિમારીમાંથી સમગ્ર માનવજાતને સહી સલામત બહાર કાઢવાની જવાબદારી પણ તારી છે.

● ઈશ્વરની પ્રાર્થના કરવાથી અંતઃકરણ પવિત્ર બને છે, સ્વભાવમાં પરિવર્તન આવે છે, હતાશા અને નિરાશા નીકળી જાય છે, મનને શાંતિ અને તાજગી મળે છે દિલમાં ઉમંગ પ્રગટે છે અને જીવન જીવવાની પ્રેરણા મળે છે.

● નવું વર્ષ સુખ-શાંતિ-સમૃધ્ધીમય બને સફળ રહે એજ શુભકામના, શુભેચ્છા. લિ. કચ્છી મહિલા ફેડરેશન પરિવાર.

2/1/1(21) -------- (A-4101)(1-4)

## સંસ્થાકીય મિટીંગ

### ભીસરા જૈન મહાજન તથા ભીંસરા સર્વોદય સંઘની સર્વ સાધારણ સભા

ઉપરોક્ત સંસ્થાઓની સર્વ સાધારણ સભા રવિવાર, તા. ૧૦/૦૧/૨૦૨૧ બપોરે ૨.૩૦ કલાકે શ્રી મામણીયા નંદુ અ.જૈન ભવન (જોગેશ્વરી) મધ્યે નીચેના એજન્ડા માટે રાખેલ છે.

● (૧) વર્ષ ૨૦૧૯-૨૦ના ઓડીટ થયેલ હિસાબની રજુઆત અને સૌની સંમતિ એ બહાલી

● (૨) આગામી વર્ષ માટે ઓડિટરની નિમણુંક અને મહેનતાણું નક્કી કરવું.

● (૩) આપણા બંધારણમાં રહેલી ખામીઓમાં ફેરફાર અંગે ચર્ચા વિચારણા કરી ઘટતું કરવા.

● (૪) ભીસરા મહાજન કમિટી દ્વારા શ્રી સુવિધિનાથ દહેરાસરના જીર્ણોધ્ધાર બાબતની અત્યાર સુધીની માહિતી.

● (૫) પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુઆત થાય તે ઉપર ચર્ચા વિચારણા

● તા.ક. કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધો કલાક બાદ એજ સ્થળે ફરી મળશે અને એમાં લેવાયેલ નિર્ણય સૌને માન્ય રહેશે. આ સભામાં જે નિર્ણય લેવાશે તે સૌને કોઈને બંધનકારક રહેશે. જે પણ લાભાર્થી પરિવારે કોઈ પણ બાકી રહેલ રકમ ચુકવવી હોય તેમણે મિટીંગમાં રકમ લઈ આવવી અને રસીદ મેળવી લેવી. લી. ભીસરા જૈન મહાજનના મંત્રીઓ.

2/1/1(23) -------- (A-4104)(1-5)

શ્રી કચ્છી વિસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
શ્રી કચ્છી વિસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

સામાજીક કર્તવ્યને સલામ... અભિનંદન...
તરૂણ મિત્ર મંડળ

સળંગ ૧૦૦મી સ્વૈચ્છીક રક્તદાન શિબિર




ખરા સમયે આપેલુ રક્તદાનનું પુણ્ય ૧૦૦ ગણા પુણ્યનું ઉપાર્જન કરે છે એ બાબત લક્ષમાં લઈ સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ લાવવામાં અને આપણા સમાજમાં રક્તદાનની ઝુંબેશ ફેલાવનારા તરૂણ મિત્ર મંડળને સળંગ ૧૦૦મી રક્તદાન શિબિર બદલ હૃદયપૂર્વકના અભિનંદન. આજની કોરોનાની કપરી પરિસ્થિતિમાં માનવ રક્તની ઉભી થયેલી અછતમાં આપની આ ઝુંબેશ ખુબ જ ઉપયોગી સાબીત થઈ રહી છે.

સમાજના દરેક લોકોને મહાજનો વતી નમ્ર અપીલ છે રક્તદાનના આ મહાયજ્ઞમાં આપ અવશ્ય જોડાઓ અને સભ્યોને પણ પ્રેરીત કરો.

લિ. શ્રી કચ્છી વિસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન-મુંબઈ
શ્રી કચ્છી વિસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
☎ ૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨ ☎ www.kvoss.org

### તા. ૧ જાન્યુઆરીના 'શુભેચ્છક દાતા'

સ્વ. મણિબેન કેશવજી તેજશી (ચનાભાઈ) છેડાના સ્મરણાર્થે શ્રી કેશવજી તેજશી છેડા (દુર્ગાપુર નવાવાસ) તરફથી.

● ડો. ખ્યાતી નેમજી છાડવાનાં સ્મરણાર્થે માતુશ્રી જીવીબેન ધારશી રામજી છાડવા (ગુંદાલા) હ. મણિબેન ધારશી છાડવા તરફથી.

● સ્વ. શ્રી લખમશી કરમશીના સ્મરણાર્થે લક્ષ્મીબેન લખમશી કરમશી (કોટડા રોહા) તરફથી.

● પૂજ્ય પિતાશ્રી સ્વ. નાનજી લીલાધર છેડા (કાંડાગરા-કુલ્ડી)ની પુણ્યતિથી નિમિત્તે માતુશ્રી દેવકાબેન નાનજી છેડા તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. લિ. મંત્રીઓ.

2/1/1(19) -------- (A-4095)(1-9)

## શૈક્ષણિક

### ગણતર ઘડતર ચણતર અને ભણતર
### સોનગઢ રત્નાશ્રમ

જ્યાં હવાની એક શીતલ લહેર, હૃદયને આહ્લાદ આપી રહી છે. ભ્રમરા અને પશુ પંખી જ્યાં પોતાના મધુર સૂરોથી સંગીત પાથરી રહ્યા છે. એવું કેળવણીધામ એટલે સોનગઢ રત્નાશ્રમ. ગામ-કપાયા / માટુંગા (સે.રે.)નાં માતુશ્રી લક્ષ્મીબેન રામજી કેનીયા ચેરીટેબલ ટ્રસ્ટ એ દર વર્ષની જેમ આ વર્ષે પણ સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં (બે વિદ્યાદાતા) રૂ.૨૨૨૨૨/- નું અનુદાન આપી નામ કાયમ કર્યું. જ્યાં સમાજના ધોરણ-૬ થી ૧૨ના ૪૦૦ જેટલા બાળકો કોઈપણ જાતના લવાજમ વગર પોતાનું જીવનનું ભાથું બાંધી રહ્યા છે. લી. પરેશ છેડા - કારોબારી સભ્ય - પ્રાગપૂર - ૯૩૨૪૮૫૪૧૧૭

2/1/1(20) -------- (A-4097)(1-6)

## જીવદયા અનુદાન

**શ્રી રતાડીયા (ગણેશ) ગૌશાળા પાંજરાપોળ**
**૨૧૩ નરશી નાથા સ્ટ્રીટ ૯૩૨૬૧૧૪૦૨૨**

સ્થાનિકે આવેલ જીવદયા અનુદાન. ૧૧૦૦/- શ્રી અશ્વિન ગાંગજી ખીમજી રાંભીયા (રતાડીયા ગ.), ૧૦૦૧/- શ્રીમતી મંજુલા વશનજી છેડા (રતાડીયા ગ.), ૧૦૦૦/- શ્રી મોહનલાલ જીવરાજ પટેલ (મુંદરા), ૧૦૦૨/- શ્રી રોમીલ જાદવજી મેઘજી છેડા (રતાડીયા ગ.), ૫૦૦/- શ્રી રાહુલ તલકશી મેઘજી સાવલા (રતાડીયા ગ.), ૫૦૦/- ચિ. એક્તા રાજેન ઠક્કરની સુપુત્રીની ચાંદલા વિધિ નિમિત્તે (બારસી) હ. નાનાશ્રી ચુનીલાલ મેઘજી સાવલા તથા સુપુત્રીઓ હીના, પીંકી, હેતલ તરફથી (રતાડીયા ગ.), ૫૦૦/- શ્રીમતી રીટા રાજેન ઠક્કર સુપુત્રી ચિ. એક્તાની ચાંદલા વિધિ નિમિત્તે (બારશી), ૫૦૦/- ચેતના ચુનીલાલ સાવલાની પુણ્યતિથિ નિમિત્તે હ. સુપુત્રીઓ હીના, પીંકી, હેતલ (રતાડીયા ગ.) સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે. લિ. મંત્રીઓ. સૌ. દેઢીયા જ્વેલર્સ, માટુંગા (સે.રે.)

4/1/1(6) -------- (A-3979)(2-1)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ – ૨૮૬૫૮૨૬૬**

૧૨૦૦૦/- લીલાવંતીબેન (લાછુમા) ખીમજી લખમશી ગાલા કાંડાગરા-અંધેરી તરફથી ખીમજી લખમશી ગાલાની ૩૪મી (૧-૧-૨૦૨૧) પુ. તિથિ નિમિત્તે ૧ ગાય દત્તક અનુદાન.

- ૨૫૦૦/- દિવ્ય વોરા ગોરેગામ-વરંડી મોટી, ૨૦૦૧/- મૈત્રી રાજેશ હંસરાજ દેઢીયા મુલુંડ-હમલા મંજલ, ૨૦૦૦/- મનોજ ગાલા સાંતાક્રુઝ-પ્રતાપુર, ૧૧૦૦/- વિજયાલક્ષ્મી હા. ધનજી વીરજી મારૂ થાણા-કપાયા, ૧૦૦૧/- લીલાવંતીબેન (લાછુમા) ખીમજી લખમશી ગાલા કાંડાગરા-અંધેરી તરફથી ખીમજી લખમશી ગાલાની ૩૪મી (૧-૧-૨૦૨૧) મી પુ. તિથિ નિમિત્તે ૧ દિવસના કબુતર ચણ નિમિત્તે અનુદાન, ૧૦૦૧/ – ઉમરબાઇ રવજી ચોથાભાઇ પરેલ-કપાયા. લિ. રાજેશ રતીલાલ કોટેચા-રાજકોટ, પ્રેમચંદ દામજી સાવલા-કોડાય.

4/1/1(13) -------- (A-4073)(2-2)

**શ્રી ભુજપુર પાંગળાપોળ આભાર માને છે**
**મુંબઇમાં આવેલ અનુદાનની યાદી – ૧**

૨૫૦૦ વિપુલ શાંતીલાલ ગાલાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હ. કામીની વિપુલ ગાલા, રૂદ્ર વિપુલ ગાલા (ભુજપુર-મીરા રોડ).

- ૨૫૦૦ લક્ષ્મીબેન ભાઇલાલ વશનજી વીરા (ભુજપુર-ચીંચબંદર)
- ૨૫૦૦ શ્રી જલારામ મંદિર ભટ્ટવાડી (ઘાટકોપર), ૧૫૦૦ સુશીલાબેન બી.શાહ (મલાડ), ૧૦૦૦ દમયંતીબેન કાંતીલાલ વેલજી છેડા (લાકડીયા-વાલકેશ્વર), ૧૦૦૦ માતુશ્રી લક્ષ્મીબેન લીલાધર વોરા (ગોધરા), ૧૦૦૦ લીલાધર ભારમલ વોરા (ગોધરા), ૧૦૦૦ ધનજી લાલજી ગડા (નવાવાસ), ૧૦૦૦ માતુશ્રી મુલબાઇ ધનજી ગડા (નવાવાસ), ૧૦૦૦ રમેશ ધનજી ગડા (નવાવાસ), ૧૦૦૦ એક ભાવિક સદ્‌ગૃહસ્થ, ૧૧૧૧/- વીરલ છેડા (ભાયંદર), ૧૦૦૧ જવેરબેન ટોકરશી દેવજી ગાલાની પ્રથમ પુણ્યતિથિએ હ. ટોકરશીભાઇ ગાલા (રાયણ) લિ. મંત્રીઓ.

4/1/1(15) -------- (A-4081)(2-3)

## પ્રોપર્ટી

**મુલુંડમાં ફ્લેટો માટે**

સ્ટેશનથી પાંચ મીનીટે 2 BHK નો ફ્લેટ ૬૨૫ કારપેટ O.C. સાથે લીફ્ટવાળા મકાનમાં વેંચવો છે. ફ્લેટો લેવા વેંચવા તથા ઓફિસો દુકાનો-ભાડેથી તથા વેંચવા આપવા માટે મળો : ગાભુભાઇ નરેડીવાલા-૯૮૨૦૨૨૯૪૬૯, ૯૬૫૩૩૧૧૪૭૭-પરેશ.

4/1/1(2) -------- (B-4008)(2-4)

**બ્રોકરેજની ચિંતા છોડો...**
**મુલુંડ (ઇ.)માં પ્રોપર્ટી ખરીદો**

રેલ્વે સ્ટેશનથી ૩ મીનીટના અંતરે, દેરાસર અને સ્થાનકની બાજુમાં, લીફ્ટવાળી નવી બિલ્ડીંગમાં, 1 BHK ના ફ્લેટો વેચવા છે. ૮૦ લાખ થી ૧.૧૫ CR સુધી.

- ઓફિસ ભાડે આપવી છે. ૩૦૦ ફુટ, ૧લે માળે, સેલ્ફ કન્ટેન્ટ, ૧૨ હજાર ભાડુ, ૫૦ હજાર ડીપોઝીટ.
- 2 BHK ૬૫૦ કારપેટ, ૧.૩૫ CR, જુની બિલ્ડીંગ. મળો : ખુશ્બુ એજન્સી : રાજેશ દેઢીયા (ભુજપુર) ૯૮૯૨૦૩૯૯૫૩.

4/1/1(16) -------- (B-4085)(2-5)

**ચેંબુરમાં વેચાણથી ફ્લેટ જોઇએ છે**

ચેંબુર, સર્વોદયનગરમાં કચ્છી પરિવાર માટે વેચાણથી ફ્લેટ જોઇએ છે. સંપર્ક : મનસુખ દેઢિયા : 8169125640

2/1/1(17) -------- (B-4091)(2-6)

**પ્રગતિ ગ્રુપ (ભાયખલા)**
**શિયાળુ પાક – શિયાળુ પાક**

દર વરસની જેમ આ વરસે પણ શિયાળુ પાક જે કોવિડ-૧૯ કોરોના જેવા વાયરસ સામે રોગ પ્રતિકાર શક્તિ વધારે એવા ૨૭ (સત્યાવીસ) જાતનાં તેજાણાં-વસાણા-મસાલાયુક્ત શુધ્ધ ઘીમાં સ્પે. અડદીયા પાક ૫૦૦ ગ્રામ રૂા. ૨૯૦, સ્પે. ગુંદર પાક ૫૦૦ ગ્રામ રૂા. ૨૭૦, સુગર લેસ કાળી ખજુરનો ભરપુર ડ્રાયફ્રુટ વાળો ખજુર પાક ૫૦૦ ગ્રામ રૂા. ૩૪૦, સ્પે. બ્રેન ટોનીક વસાણા કેસર યુક્ત બદામ પાક ૫૦૦ ગ્રામ રૂા. ૩૬૦, સ્પે. હેલ્ધી પ્રોટીન બાર ડ્રાયફ્રુટ પાક ૫૦૦ ગ્રામ રૂા. ૪૭૦, સ્પે. નવરત્ન ચવાણું ૪૦૦ ગ્રામ પેકેટના રૂા. ૭૫ ઉપરની બધી આઇટમો જાતીય દેખરેખ નીચે સમાજને શુધ્ધ તાજી અને વ્યાજબી ભાવે મળે એ હેતુ લક્ષમાં રાખી બનાવીને વિતરણ કરવાનું આયોજન કરેલ છે. તો જરૂરત પ્રમાણે નીચેના ફોન નંબર ઉપર ઓર્ડર નોંધાવશો. (૧) અશ્વિન આણંદજીભાઇ વોરા ટે. નં. ૨૩૦૮૬૩૭૬ (૨) જયંતીભાઇ ગોગરી-૨૩૦૯૦૩૮૯ (૩) તલકશીભાઇ ગોગરી-મો. ૯૬૮૭૩૪૮૨૮૯ ઓર્ડર તા. ૩-૧-૨૦૨૧ રવિવાર સાંજના ૮.૦૦ વાગ્યા સુધી લેવામાં આવશે. ડીલીવરી તા. ૮-૧-૨૦૨૧ શુક્રવારના સવારના ૧૦ થી સાંજના ૪ વાગ્યા સુધી ઠે. શ્રી ભુવનેશ્વર શિવ મંદિર, તેલંગ રોડ, શંકરમઠની સામે, ગુજરાતી સેવા મંડળ અને નલ્લીગ સાડી સેન્ટરની બાજુમાં, ફુલ ગલી, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯. ખાસ સુચના : સરકારશ્રીના આદેશ અનુસાર માસ્ક પહેરવો, સોશીયલ ડીસ્ટન્સ રાખવું અને હાથ સેનેટાઇઝરથી સાફ કરવા અને થેલી સાથે લાવવી જરૂરી છે. પુછપરછ : અશ્વિન વોરા (બિદડા) 9867914610, તલકશી ગોગરી (કોડાય) 9687348289, કેતન ગોગરી (નાંગલપુર) 9821132012. એજ લિ. આપ સર્વેના સાથ સહકારની અપેક્ષા સાથે પ્રગતિ ગ્રુપ (ભાયખલા) આયોજકોના જય જિનેન્દ્ર.

4/1/1(4) -------- (B-3988)(2-7)

**ફ્રી આંખોની તપાસ કેમ્પ**

આઇ કેર ચેરીટેબલ ટ્રસ્ટના સૌજન્યથી સુવિખ્યાત ડો. જય સાવલાના સહયોગથી 'આંખની મફત તપાસણી' નો કેમ્પ આયોજિત કરવામાં આવેલ છે.

- કોરોના મહામારીના કાળમાં દરેક જાતની અગમચેતી રખાશે. કેમ્પ દરમ્યાન સામાજિક દુરી, ફરજીયાત માસ્ક પહેરવો અને હેન્ડ સેનેટાઇઝરનો ઉપયોગ જેવીકાળજી લેવાશે.
- વ્યવસ્થા જાળવવા અને ભીડથી બચવા માટે અગાઉથી ફોન કરી રજીસ્ટ્રેશન કરાવવું આવશ્યક. તેમજ દરેકે આપેલ સમય પર આવવું જરૂરી. પ્રવેશ ફક્ત વહેલા તે પહેલા ધોરણે પચાસ જણાને.
- રજીસ્ટ્રેશન માટે : 8369466076, 9769026799, 8879718799. કેમ્પનો સમય : ૦૩-૦૧-૨૦૨૧, સવારે ૧૦ થી સાંજે ૪. સ્થળ : જય પોલીક્લિનીક મેટરનીટી સર્જીકલ નર્સિંગ હોમ, ૧લે માળે, શ્રી દત્ત એપાર્ટમેન્ટ, અમરશી રોડ, મલાડ (પ.), મું. ૬૪. લિ. મંત્રીઓ.

4/1/1(7) -------- (B-3741)(2-8)

**દેશ વિદેશ કુરિયર ૨૪*૭**

મીઠાઇ, ફરસાણ, નાસ્તો, અનાજ, કઠોળ તેમજ દરેક પ્રકારની ખાવાપીવાની વસ્તુઓ, UK, EUROPE, NORWAY, SWITZERLAND માં વ્યાજબી ભાવે મોકલાવા અનુજ લક્ષ્મીચંદ સંગોઇ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો – Vacuum Packing Available. WORLDWIDE PAYMENT ACCEPTED. Free Pick Up Service PAC n DELIVER T – 48932230, M–8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(1) -------- (B-4039)(2-9)

**'ઘરચોળા–બાંધણી–બોર્ડર માટે'**
**! અવસર સારીઝ : દાદર–ઇસ્ટ !**

રીયલ તથા ટેસ્ટેડ જીણાબંધના જરી ક્યારા, વર્કવાળા જરી ક્યારા, બોર્ડરમાં રીયલ તથા ટેસ્ટેડ કસબ વર્કસ, કટવર્ક જરદોશી તથા ફેન્સી બોર્ડરો, બાંધણીમાં ગજી, ક્રેપ, જ્યોર્જટ, બનારસી, ઉપાડા, જંગલા વિ.ની અનેક વેરાયટી, રીયલ તથા ટેસ્ટેડ જરી ભરતની સાડીઓ વિ.ની ખાત્રીપુર્વક ખરીદી માટે અવશ્ય પધારો. (જુની સાચી જરીની સાડીઓ તથા જરી ક્યારા સારા ભાવે વેંચાતા લઇશું) 'અવસર સારીઝ' દાદર (ઇ.) મો. 9223425676, ફોન : 24164239.

4/1/1(10) -------- (B-4076)(2-10)

**અડદીયા પાક તો બસ પાંજો કેટરર્સના જ**

શુધ્ધ ઘી બદામ-પીસ્તા-વસાણાયુક્ત.

- સ્પે. અડદીયા પાક - ૫૬૦
- રોસ્ટેડ ડ્રાયફ્રુટ ગુંદર પાક-૬૪૦
- રો.ડ્રા. ખજુર પાક લાલ-૬૬૦
- રો.ડ્રા. ખજુરપાક કાળી-૮૦૦
- મલાડ (વેસ્ટ) મધ્યે
- પાંજો સ્વીટ : ૧૧૯ નટરાજ માર્કેટ, બીજે માળે, લીફ્ટ છે. એસ.વી.રોડ, જયંત ગોગરી-૯૮૨૦૦૧૨૭૦, ધીરેન-૯૮૨૦૭૭૯૪૮૬.
- ભગવતી ડ્રાયફ્રુટ : નટરાજ માર્કેટ, એસ.વી.રોડ, ૨૮૮૯૩૫૩૪
- કિરણ સ્ટોર્સ : મામલેતદારવાડી-૯૦૦૪૨૩૭૨૪૦.
- વિજય ડ્રાયફ્રુટ : મામલેતદારવાડી-૯૭૦૨૨૪૩૧૦૪.
- ભાણજી રામજી સાવલા-સોમવારી બજાર-૭૦૨૧૯૩૧૨૫૪.
- હંસ લક્ષ્મી : ગોરસવાડી-૯૩૨૨૨૨૯૯૯૬.
- હરખચંદ રાઘવજી : દફ્તરી રોડ (ઇ) ૨૮૮૩૯૫૩૯.
- રૂપમ ડ્રાયફ્રુટ : દફ્તરી રોડ (ઇ.) ૨૮૮૨૯૨૪૯.

4/1/1(18) -------- (B-4094)(2-11)

**શ્રી નવકાર સમિતિ (લાલબાગ)**

સ્પે. અડદીયા પાક, સ્પે. ગુંદરપાક, સ્પે. બદામ પાક, સ્પે. ખજુર પાક (ડ્રાયફ્રુટ), સ્પે. ડ્રાયફ્રુટ પાક બીજા લોટમાં સુંદર પ્રતિસાદ બદલ સર્વેનો આભાર લોક લાગણીને માન આપીને ત્રીજા લોટની શુભ શરૂઆત શિયાળાની ગુલાબી ઠંડીમાં તુંદુરસ્ત રહેવા શુધ્ધ તાજા દેશી ઘી તથા મેવા વસાણાથી ભરપુર શિયાળુ પાક જાત દેખરેખ હેઠળ બનાવી ઉચ્ચ ક્વોલીટી સમાજને રાહત દરે મળે એ હેતુથી ત્રીજો લોટ સ્પે. અડદીયા પાક તથા સ્પે. ગુંદર પાક ૫૦૦ ગ્રામ રૂા. ૨૭૦ બ્રેઇન ટોનીક સ્પેન કેસર યુક્ત સ્પે. બદામ પાક ૫૦૦ ગ્રામ રૂા. ૩૭૦ ઓમાની કાળી ખજુર મેવાથી ભરપુર સ્પે. ખજુર પાક (સુગર લેસ) ૫૦૦ ગ્રામ રૂા. ૩૯૦ સ્પે. ડ્રાયફ્રુટ મીક્સ એનર્જી પાક (સુગર લેસ) ૫૦૦ ગ્રામ રૂા. ૪૫૦ જરૂરત પ્રમાણે ઓર્ડર આજે જ નોંધાવો. ઓર્ડર નોંધાવવાની છેલ્લી તા. ૪.૧.૨૧ સોમવાર ડીલેવરી તા. ૬.૧.૨૧ બુધવાર સવારના ૧૦ થી ૩ વાગ્યા સુધી ઠે. લાલબાગ દેરાસર વાડી (કપડાની થેલી સાથે લાવવી) સંપર્ક : શૈલેષ ગોગરી (નાના ભાડીયા) ૯૮૩૩૫૪૦૪૯૬, ડો. જીગ્નેશ દેઢીયા (નાની ખાખર) ૯૮૨૧૩૭૭૬૬૭, રોશન (રાજુ) હરીયા (બાડા) ૮૧૬૯૮૬૬૫૧૨.

2/1/1(8) -------- (B-3879)(2-12)

**અતુટ બંધન...અતુટ વિશ્વાસ...અતુટ Relation**

અમારા માનવંતા ગ્રાહકને કાંઇક નવું આપવાની પરંપરા અને વિશ્વાસ સાથે તમારી આંખો અને મનને મોહી લે તેવી સારા બંધની રંગબેરંગી બાંધણીમાં ગજી સીલ્ક, ચીનોન ક્રેપ, ગઢવાલ, બનારસી ઉપાડા, પટોળા, જંગલા, મીનાકારી, પૈઠણી, આર્ટ સીલ્ક બાંધણી સાડી, દુપટ્ટા તથા જીણાબંધના Real તથા Tested ઘરચોળામાં અનેક વેરાયટી.

- પારસી હેન્ડ-મશીન વર્ક, કાશ્મીરી, લખનૌ, બનારસી સીલ્ક Designer Parti wear માં અનેક વેરાયટી.
- White To White માં કોટા, અવરગંડી.
- Fancy Border - Fancy Blouse.
- દરેક પ્રકારનું Embroidary work તૈયાર તેમજ ઓર્ડરથી તમારી પસંદગી મુજબ બનાવી આપશું.
- પ્લેન સાડી (પોતમાં) અનેક વેરાયટી.
- સાચી જરીની સાડી, ઘરચોળા, ચણીયા ચોળી, બોર્ડર સારા ભાવે ખરીદીશું. રોકડા પૈસા આપવામાં આવશે. મહાવીર સારીઝ, મોદી ચાલ, Shop No. 2, સ્ટેશન રોડ, (Opp. "SEASON" Show Room) શાંતાક્રુઝ (વેસ્ટ) M. 9137146272, 9619554801 (SUNDAY CLOSED)

4/1/1(3) -------- (B-3994)(2-13)

**જ્યોતિ ગૃહ ઉદ્યોગ એક વિશ્વસનીય સ્થળ**
**ઘાટકોપર મુલાકાત લીધી ? આજે જ પધારો**

જ્યાં તમને મળશે ખાખરા, ફરસાણ, ચીક્કી તથા ઇમ્યુનીટી વધારે એવા મુંબઇમાં ચારેબાજુ વખણાયેલા મધુબાલાના નં. ૧ લાડુ..ખોપરા ડ્રા. ખજુર, સાકર જેવા મીઠા ઓટસ મખના નાચણી, ગોળીયા, ફીણીયા, ચુરમા, બેસન, ગોળપાપડી મગદળીયા ફીનોટા વગેરે..

- પ્રાપ્તિ સ્થાન : જ્યોતિ ગૃહ ઉદ્યોગ, દેરાસર લેન, ઘાટકોપર (ઇ.), જ્યોતિ કેતન કારાણી-૯૯૬૯૧૧૧૦૦૦.
- Madhubala (Laddo Specialist) અમારી પ્રોડક્ટ જેમને પણ વેચવામાં રસ હોય સંપર્ક : ૯૨૨૪૩૩૮૪૮૦. (આ મેસેજ આપના સર્કલમાં મોકલશો. કોઇનું કામ થાય..આભાર.

4/1/1(5) -------- (B-3992)(2-14)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# શ્રી નવકાર ગ્રુપ (વિરાર)

## (સંસ્થાપક : યુવા વિધિકાર ડો. હર્ષ દેઢિયા)

**'સાધર્મિક સગપણ સમું અવર ન સગપણ કોઈ,**
**ભક્તિ કરો સાહમી તણી, સમકિત નિર્મલ હોઈ...'**

- ઉપરોક્ત પંક્તિને અનુસરી, દેવ-ગુરૂના શુભાશિષે વિરાર- અગાશી તથા પરમાત્મા પાર્કમાં વસતા જૈન સાધર્મિકોની બહુમાન પૂર્વક ભક્તિમાં શ્રી નવકાર ગ્રુપ (વિરાર) છેલ્લા ૯ વર્ષથી કાર્યરત છે.
- નવકાર સાધક શ્રી જયંતભાઈ 'રાહી'ની પ્રેરણાથી અગાશી તીર્થે છેલ્લા ૧૦૦ મહિનાથી, દર માસે એક શનિવારે ડો. હર્ષ દેઢિયાના સંગીતમય સથવારે પ્રભુ ભક્તિ સહ 'નવકાર જાપ' ચાલી રહ્યા છે.
- અનાજ, કઠોળ, મસાલા, ગોળ, સાકર, ફરસાણ દર મહિને જરૂરતમંદ સાધર્મિકોને પહોંચાડવાનું સતકાર્ય, સાથે કેરીની સીઝનમાં આંબા, દિવાળીમાં મિઠાઈ અને વિદ્યાર્થીઓને નોટબુક + સ્ટેશનરી વિતરણ ચાલુ છે.

**'શ્રી નવકાર ગ્રુપ' હવે જાન્યુઆરી ૨૦૨૧થી નૂતન બે પ્રવૃત્તિઓ શરૂ કરી રહેલ છે :**

### :: મારા ઘરે મારા પ્રભુ પધારશે ::

કોઈપણ કારણથી આપના ઘરના કોઈ સદસ્યો દેરાસર જઈ ન શકતા હોય તો, આપના ઘરે દેરાસરથી પ્રભુજી લઈ આવવામાં આવશે. સાથે કેસર પૂજા + પુષ્પ પૂજા આદિ કરાવામાં આવશે. ઘરે બેસીને પ્રભુ ભક્તિનો લાભ મળશે.

ખાસ નોંધ : આ કાર્ય દર રવિવારે થાશે : જરૂરથી નામ નોંધાવી લાભ લેશોજી.

### :: ખારી માની સેવા ::

ઘરે મરણ ના શોક પ્રસંગે ઘરના સદસ્યો તથા નિકટના પરિવારજનો + સ્નેહીજનો માટે ખારી માની આપના ઘરે પહોંચાડવામાં આવશે. વિરાર, અગાશી તથા પરમાત્મા પાર્કમાં વસતા જૈન સાધર્મિકોને ઘરે શુદ્ધ જયણા પૂર્વક બનવેલ જૈન અલ્પાહાર ખારીમાની રૂપે આપવામાં આવશે.

**આવો ! સાથે મળીને એક બીજાને મદદરૂપ થઈ પરસ્પર સ્નેહની સુગંધ ફેલાવીએ...**

**ફૂલ નહીં તો ફૂલની પાંખડી પણ જરૂર અર્પણ કરી, સાધર્મિકોને સહાયભૂત થઈએ.**

## લિ. શ્રી નવકાર ગ્રુપ (વિરાર)

સંપર્ક

| શ્રી રાજેશ મૈશેરી | શ્રી મયૂર દેઢિયા | શ્રી રમેશ મોતા | શ્રીમતિ મધુબેન સૈયા |
|---|---|---|---|
| 9820195301 | 9892092760 | 9326466332 | 9323552547 |

બિપીન સૈયા, દીપેશ સંગોઈ, કૈલેશ નિસર, પરસોત્તમ સોની, હરેશ છાડવા, શીરીન દેઢીયા, ચંપકલાલ ભેદા, રશ્મિબેન ધરોડ, જ્યોતિબેન મોતા, મનીષાબેન ગાલા, જાગૃતિબેન સંગોઈ, ભાવિની છેડા

**અમારા આધાર સ્તંભ પ્રેરકોના અમો આભારી છીએ :**

(૧) અ.સૌ. ઝવેરબેન દલપતજી જૈન .........(ખિવાંદી-રાજ)
(૨) શેઠશ્રી તલકશીભાઈ ધરોડ ..........................(પત્રી)
(૩) શ્રી સોમચંદભાઈ વેલજી લોડાયા...........(આરીખાણા)
(૪) શ્રી ધનરાજ પોપટલાલ સંગોઈ ...................(કોડાય)
(૫) શ્રી ભાવેશભાઈ સાવલા ................(ચેલા-જામનગર)
(૬) શ્રી સંદીપભાઈ શાહ..................................(મુલુંડ)
(૭) શ્રીમતિ દીનાબેન છેડા...............................(લાયજા)
(૮) શ્રી દિનેશભાઈ સંગોઈ...............................(કપાયા)
(૯) શ્રી ગોવિંદજી લાલજી ગડા ......................(ગઢશીશા)
(૧૦) શ્રી તરૂણ પ્રેમજી વોરા .............................(બિદડા)
(૧૧) શ્રીમતિ રંજનબેન કમલેશ છેડા .................(લાયજા)
(૧૨) શ્રી હેમન પોપટલાલ ગાલા ......................(લાયજા)

તથા સર્વે નામી-અનામી મહાનુભાવો...

(CLB-4079)

શ્રી મહાવીરાય નમઃ | વંદે ગૌમાતરમ્ | શ્રી અજીતનાથાય નમઃ

# સમગ્ર જીવદયાપ્રેમીને આશિર્વાદ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટના

## નુતન વર્ષના અભિનંદન



સંચાલિત

**માતુશ્રી રાજબાઈ ચાંપશી ભાણજી ગોસર (મંજલ)**

સંકુલ: ગામ પિંપડાસ - વાડા - ભીવંડી રોડ

Reg. No. A-1238

## જીવદયાપ્રેમી દાતાઓનો આભાર...

૨ - ગાય દત્તક - સંઘમાતા દમયંતીબેન મુરજી ગડા (ના.રતડિયા)
૨ - ગાય દત્તક - માતુશ્રી લક્ષ્મીબેન આસુભાઈ ગલિયા (માપર)
૨ - ગાય દત્તક - એક સદગૃહસ્થ તરફથી (નાલાસોપારા)
૧ - ગાય દત્તક - શ્રીમતી હર્ષાબેન વિજય હીરજી રાંભિયા (નાલાસોપારા)
૧ - ગાય દત્તક - શ્રી CA શૈલેષભાઈ પ્રેમજી દેઢિયા પરિવાર (ભુજપુર)
૧ - ગાય દત્તક - શ્રીમતી લેખાબેન ચંદ્રેશ છેડા (પત્રી-બોરીવલી)
૧ - ગાય દત્તક - શ્રીમતી પુષ્પાબેન કિશોર હરીયા (નાલાસોપારા)
૧ - ગાય દત્તક - માતુશ્રી કસ્તુરબેન હંસરાજ ગોગરી (ડોણ-નાલાસોપારા)
હ. શિલ્પેશ હંસરાજ ગોગરી
૧ - ગાય દત્તક - શ્રી ચેતન કનૈયાલાલ ભુતા (દહિંસર)
૧ - ગાય દત્તક - શ્રી એડ. કૌશિક સી. સાલિયા (મો.ખાખર-ઉમરગામ)
૧ - ગાય દત્તક - શ્રી હરખચંદભાઈ જેઠુભાઈ હરીયા (શેરડી-વડાલા)
૧ - ગાય દત્તક - શ્રી ગોવિંદજી કેશવજી શાહ (અમદાવાદ-ગાંધીનગર)
૧ - ગાય દત્તક - સર્વ ધર્મ સેવા પંથ ગ્રુપ (નાલાસોપારા)
૧ - ગાય દત્તક - શ્રી મુકેશભાઈ અંબાલાલજી સંઘવી (તખતગઢ-ભાયખલા)

આશિર્વાદ ગૌશાળાને માતબર રકમનું અમુલ્ય દાન આપી અબોલ પશુ-પક્ષીઓના નિર્વાહ માટેના કાર્યોમાં સહભાગી થયા તે બદ્લ સંસ્થા આપની ઋણી છે.

ભવિષ્યમાં આપ જીવદયાના કાર્યોમાં આવી રીતે સાથ અને સહકાર આપતા રહેશો. દાનવીર દાતાઓના દાનથી જ જીવદયાના ઉત્તમ કાર્યો થતા હોય છે. સંસ્થા આપનો ફરી થી આભાર માને છે.

જીવદયાની પ્રવૃત્તિવાળા શાસન કાર્યો માટે દાન આપી 80G હેઠળ કરમાં રાહત મેળવો

## આશિર્વાદ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ

સંકુલ: ગામ પિંપડાસ - વાડા - ભીવંડી રોડ

ટ્રસ્ટી-શ્રી રાજેશ ગલિયા 79778 15626
ટ્રસ્ટી-CA શ્રી શૈલેશ દેઢિયા 98924 77471
ટ્રસ્ટી-શ્રી ગિરીશ છેડા 93242 74798
ટ્રસ્ટી -શ્રી વિજય રાંભિયા 93221 14179

(CLB-4086)

Red & Yellow - 9870155993

# ભગ્ન હૃદયે અશ્રુભરી શ્રધ્ધાંજલિ



કચ્છ વડાલા | મુંબઈ નાલાસોપારા

## શ્રી લાલજી વેલજી ગોગરી

અરિહંતશરણ : તા : ૩૦-૧૨-૨૦૨૦

મૃત્યુ કરતાં સ્મરણ બળવાન છે,
તમારી સ્મૃતિ એક વરદાન છે.
અંજલિ આપતા શબ્દો ખૂટે છે,
કુદરતના ખજાનાને ખોટ પડે ત્યારે
માયાળુ માનવીના ખજાના લૂંટે છે.
લોક હૈયા હજુ પણ આપને પોકારે છે,
આંખો હજુ પણ આપને નિહાળે છે.

(CLC-4084)

**શોકમગ્ન**

**ભાઇ-ભાભી**
શાંતાબેન પદમશી વેલજી ગોગરી - વડાલા
નિર્મળાબેન મેઘજી વેલજી ગોગરી - વડાલા
લલીતાબેન અશોક વેલજી ગોગરી - વડાલા
પ્રીતીબેન હસમુખ વેલજી ગોગરી - વડાલા

**બેન-બનેવી**
અમૃતબેન રામજી ધારશી સંગોઇ - સાકાઉ
રતનબેન ઠાકરશી શામજી કેનીયા - બારોઇ
ચંચળબેન માવજી ધારશી દેઢીયા - ભુજપુર
પ્રભાબેન વસંત ભવાનજી સાવલા - વડાલા

॥ શ્રી કોટડા મંડન શ્રી શાંતીનાથાય નમઃ॥ | ॥ શ્રી દાન-ગુણ-ગુણોદયસૂરીભ્યો નમો નમઃ ॥

# શ્રી કોટડા (રોહા) જૈન મહાજન

૬૮ મા જન્મ દિવસની ખુબ ખુબ વધાઈ
કોટડા (રોહા) શ્રી સંઘ કરે વંદના સવાઈ



અચલગચ્છનાયક, રાજસ્થાન દિપક,
સાહિત્ય દિવાકર
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત

## શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી

મહારાજાના

૬૮માં જન્મોત્સવે

અંતઃકરણથી હાર્દિક હાર્દિક વધાઈ....

ગચ્છનાયકના ચરણે રેડાય અમૃતકલશ
આપીએ શુભેચ્છા વધે દિગંતમાં યશ...

લોકલાડીલા ગુરૂદેવનો સ્વભાવ અતિ સરસ,
સૂરિજીના વદને વર્તાય સદા સમતારસ,
જેમના શબ્દે શબ્દે ઝલકે સાહિત્યરસ,
આવે જે સાન્નિધ્યમાં તેને થાય હર્ષ હર્ષ,
મધુરીવાણી સુણતા છીપાય આધ્યાત્મિક તરસ,
૬૮માં જન્મદિને આપીએ શુભેચ્છા,
સ્વસ્થ રહો આપ વરસોવરસ...

(CLB-4092)

લિ. : શ્રી કોટડા (રોહા) જૈન મહાજન તથા સમસ્ત કોટડાવાસીઓ

BINITA S. MARU

# કચ્છ : કોડાય

# પરિવારોના પુણ્યશ્લોકી પુણ્યાત્માઓને અંતરભીની આદરાંજલી

વિદાયને ચાહે વર્ષો વિતે, આપની સ્મૃતિ કદીના મીટે,
આપ સાથે હતી જીવનની હરપળ મધુરી, આપ વિના પરિવારની શોભા અધુરી.

**પૂ. માતુશ્રીની પ્રથમ પુણ્યતિથિ**



**શ્રીમતી નિર્મળાબેન હિંમતલાલ લાપસીયા**
સ્વર્ગારોહણ : તા. ૦૧.૦૧.૨૦૨૦

પિતાનો પ્રેમ પારાવાર,
મા ની મમતા અપરંપાર...
યાદ આવે છે વારંવાર,
આંખેથી વહે અશ્રુધાર.
તીર્થ સ્વરૂપ માવિત્રને
સ્મૃતિ વંદન...
પુણ્ય સ્મૃતિએ
નત્ મસ્તકે શ્રધ્ધા સુમન.

**પૂ. પિતાશ્રીની ૧૬મી પુણ્યતિથિ**



**શ્રી હિંમતલાલ પ્રેમજી લખમશી લાપસીયા**
સ્વર્ગારોહણ : તા. ૨૬.૦૯.૨૦૦૪

**પૂ. દાદીમાની ૧૪મી પુણ્યતિથિ**



**માતુશ્રી કંકુબેન પ્રેમજી લાપસીયા**
સ્વર્ગારોહણ : તા. ૦૧.૦૧.૨૦૦૭

હતો વડલાનો વિસામો, તમારી છાયાનો સાથ,
મન તડપે છે તમારા દર્શનને આજ;
આંખો ભરીને બેઠો છે અશ્રુનો દરબાર.
ભાવભીની શ્રદ્ધાંજલી આપે છે સમસ્ત પરિવાર

**પૂ. ફૂઈની ૧૬ મી પુણ્યતિથિ**



**શ્રીમતી રંજનબેન મહેન્દ્ર દેઢિયા (ભુજપુર)**
સ્વર્ગારોહણ : તા. ૧૩.૧૦.૨૦૦૪

**પૂ. દાદાજીની ૩૩મી પુણ્યતિથિ**



**શ્રી પ્રેમજી લખમશી લાપસીયા**
સ્વર્ગારોહણ : તા. ૨૦.૧૨.૧૯૮૭

આપનો દિવ્ય આત્મા ૧૪ રાજલોકમાં જ્યાં પણ હોય ત્યાંથી પોતાના સર્વે કર્મો ક્ષય કરી પરમ પદ - પરમ ગતિને પામે
જેમના આશીષ અમારી જીવન ઉર્જા છે, જેમણે આપેલા સંસ્કારો અમારૂં સુરક્ષા કવચ છે એવા વડિલોના ચરણોમાં વંદના...

(CLC-4087)

લિ. આપની પ્રેમાળ – અમર સ્મૃતિમાં

**માતુશ્રી કંકુબેન પ્રેમજી લખમશી લાપસીયા પરિવાર ▫ કોડાય**

**માતુશ્રી લક્ષ્મીબેન નાનજી દેવજી ગડા પરિવાર ▫ મોટા આસંબીયા**

શ્રી વાસુપૂજયસ્વામિને નમ : શ્રી શાંતિનાથસ્વામિને નમ:
નમો નમ: શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે - નમો નમ : શ્રી ગુરૂ ગુણોદયસાગરસૂરયે
આજ્ઞા - આશિષ પ્રદાતા : અચલગચ્છનાયક પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
અર્દશ્યકૃપા : શ્રી પદમ - રૂપ - જગત - નિરંજન ગુરૂણીભ્યો નમ :

## શ્રી મઝગામ બજાર ક.વી.ઓ. જૈન સંઘ ગૃહે
## મઝગામ રત્ના પ્રવર્તિની પદે વિભુષિતા પ.પૂ. અરૂણોદયશ્રીજી મ.સા. ની
## વાર્ષિક પ્રથમ પુન્ય તારીખે આદરાંજલિ સહ
## શ્રી નવકારમહામંત્ર અનુષ્ઠાન સહ ત્રિદિવસીય ભકિત મહોત્સવ



જન્મ - સં.૧૯૮૧ રવિવાર કા.વદ - ૧ - મોટા આસંબિયા
દીક્ષા - સં.૨૦૧૧ મહાસુદ - ૧૪ - માંડલ (ગુજરાત)
પ્રવર્નિનીપદ - સં.૨૦૭૩ માગસરસુદ - ૫ - જોગેશ્વરી
કાળધર્મ - સં.૨૦૭૬ પોષસુદ - ૧૧ તા. ૫ - ૧ - ૨૦૨૦ વડાલા

આરાધના સાધનાનું ઉપવન, તપ - જપ - ધ્યાનનું સહસાવન,
જ્ઞાન પ્રાપ્તિનું જ્ઞાતખંડવન, જિનજ્ઞા પાલનનું નંદનવદન
પવિત્રતાનું પાંડુકવન, સરળતાનું સોમવન એવા
સ્વાધ્યાય નિમગ્ના ....
જિનાજ્ઞા - ગુર્વાજ્ઞાલીના - શ્રામણીગણ મુખ્યા પૂ. નિરંજનાશ્રી મ.સા. શિષ્યા
પ્રવર્તિની પ. પૂ. અરૂણોદયશ્રીજી મ.સા. ને
મઝગામ બજાર ક.વી.ઓ. જૈન સંઘ તરફથી સ્મારણાંજલિ - વંદનાંજલિ ....

મહોત્સવ પ્રસંગે નિશ્રા : પ્રવર્તિની પ. પૂ. અરૂણોદયશ્રીજી સહગુરૂદેવનાં આજીવન ચરણોપાસિકા
પ. પૂ. હિરણ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા

મહોત્સવ તા.૩ થી ૫ જાન્યુવારી ૨૦૨૧

## મહોત્સવની મહેક

તા. ૩ - ૧ - ૨૦૨૧ રવિવાર સવારે ૯.૧૫ કલાકે થી
શ્રી મઝગામ બજાર ટ્રસ્ટ બોર્ડ - કમીટી મેમ્બર્સ તરફથી
શ્રી નવકારમંત્ર અનુષ્ઠાન

શુદ્ધ વિધિ વિધાનકારક .... ડો. શ્રી હર્ષભાઈ દેઢિયા એવં સંગીતપાર્ટીનાં સથવારે
યુ ટયુબ લીંક : https://youtu.be/I7M15XPPNq8

તા.૪ - ૧ - ૨૦૨૧ સોમવાર સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ વ્યાખ્યાન અને
૧૦.૩૦ થી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાક પૂજા શ્રી સંઘ દ્વારા
તા.૫ - ૧ - ૨૦૨૧ મંગળવાર સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ વ્યાખ્યાન અને
૧૦.૩૦ થી શ્રી મેરૂ મહોત્સવ સ્વરૂપ સ્નાત્ર પૂજા શ્રી સંઘ દ્વારા
શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાક પૂજા એવં સ્નાત્ર પૂજા શ્રી જિનગુણ ભકિત મંડળ સંગીતની સરગમે ભણાવશે

ફકત આમંત્રીત શ્રાવક શ્રાવિકા ને પ્રવેશ
લી. મઝગામ ક.વી.ઓ. જૈન સંઘ વતી માનદ મંત્રી

(CLB-4080)

Ghalla Bhansali Foundation
Trust • Legacy • Wealth

# આજ કરે સો અબ...

વધુ એક કેલેન્ડર વર્ષ ૨૦૨૦ નો સુર્યાસ્ત થઈ ગયો, ડિસેમ્બરનો અંત અને જાન્યુઆરીનું પહેલું અઠવાડિયું મોટા ભાગના લોકોના જીવનમાં વિશિષ્ટ હોય છે. શા માટે ? શું આ ૧૨-૧૫ દિવસ દરમ્યાન એ બધાના જીવનમાં કોઈ મોટી ઘટનાઓ બને છે ? શું એ બધાને કોઈ લોટરી લાગે છે ? કે પછી આ દિવસો દરમિયાન મોટા ભાગના લોકોના ગ્રહો સાનુકુળ થઈ જાય છે ?... જી ના. આમાંનું કશું જ થતું નથી. પરંતુ જે કાંઈ થાય છે એ લોકોના મગજમાં થાય છે, જે એમની નિર્ણયશક્તિને અસર કરે છે. આ બે-ત્રણ અઠવાડિયા દરમિયાન લોકો વિતેલા વર્ષના લેખા-જોખા કરીને નવા વર્ષનું પ્લાનીંગ કરે છે. વ્હાલા મિત્રો, તમે અગર તમારા 'ફ્યુચર પ્લાનીંગનો ટુ ડુ લિસ્ટ' બનાવો (જે બાબતો કરવા ધારી હોય, એના લિસ્ટમાં) હંમેશા ઝડપને પ્રથમ પ્રાધાન્ય આપજો. **આજના ડિજિટલ યુગમાં મુલતવી રાખવાની મનોવૃત્તિ તમારા કાર્યક્ષમતાની સૌથી મોટી દુશમન છે.** મોટા ભાગનાં લોકો ભવિષ્યમાં રાચવાની ટેવવાળા હોય છે. તેઓ કાયમ યોગ્ય તકની જ રાહ જુએ છે. તેમનાં કામ પૂરા થવાને બદલે મુલતવી જ રહ્યાં કરે છે. ધીમે ધીમે યોગ્ય સમયની રાહમાં સમય નીકળતો જાય છે અને છેવટે તેઓ લાભ ગુમાવે છે. અત્યારે તમારી પાસે શું છે તેની મૂલવણી કરો, યોગ્ય સ્ટ્રેટેજી તૈયાર કરો અને તે પ્રમાણે કરવા દિલોજાનથી લાગી જાઓ. પ્રસ્તુત છે આના વિશે સફળ વ્યક્તિઓ અને કોર્પોરેટ દીગ્ગજ કંપનીના ચડાવ-ઉતારની રસપ્રદ વાતો...

જે કે રોલિંગ, સીલ્વેસ્ટર સ્ટેલોન અને જયદીપ સાહનીને અનુક્રમે 'હેરી પોટર', 'રોકી' અને 'ચક દે ઈન્ડિયા'ના વિચાર સ્ફુર્યા હતાં. તે નોંધવું ખૂબ જરૂરી છે કે આ વિચારો જોરદાર સફળતામાં કઈ રીતે પરિણમ્યા, કારણ કે આ લોકોને તેમના વિચારોમાં વિશ્વાસ હતો. અને તે બધાએ તરત જ એને અમલમાં મૂક્યા. જે કે રોલિંગ જે ટ્રેનમાં માન્ચેસ્ટરથી લંડન જઈ રહ્યા હતા તે કોઈ કારણોસર થોડા કલાક મોડી પડી. આ રીતે અચાનક મળેલા ફાજલ સમયનો ઉપયોગ કરવા તેઓ કાગળના ટુકડા પર કંઈક ચિત્રામણ કરવા લાગ્યા. બસ, એજ ક્ષણે તેમને જાદુકળાની સ્કુલમાં ભણતા બાળકની વાર્તાનો વિચાર સૂઝ્યો અને ટ્રેન યાત્રા બાદ તેમના ફ્લેટમાં પાછા ફર્યા પછી તરત જ હેરી પોટરની સ્ક્રીપ્ટ લખવાની ચાલુ કરી દીધું. સિલ્વેસ્ટર સ્ટેલોને મહમ્મદ અલી અને ચૂક વેપનર વચ્ચેની બોક્સિંગ મેચના સમાચાર ટીવી પર જોયા અને તે સાથે જ તેને રોકી નો વિચાર ઝબક્યો. આ ફિલ્મની સ્ક્રીપ્ટ તેણે ત્રણ રાત-દિવસમાં જ લખી નાખી હતી. ૨૦૦૨ ની કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય મહિલા હોકી ટીમ ગોલ્ડ મેડલ જીતી ગઈ તે અંગેના સમાચાર અખબારમાં વાંચતી વખતે જ જયદીપ સાહનીને 'ચક દે ઈન્ડિયા'નો આઈડિયા આવ્યો હતો. ન્યુઝ પેપર વાંચીને તરત જ તેમણે ચક દે ઈન્ડિયાની વાર્તા લખવાની ચાલુ કરી દીધી. મિત્રો, યોગ્ય વિચારમંથન પછી શિઘ્ર નિર્ણય લઈને તરત અમલમાં મૂકવાની ટેવ વડે તમે સૌથી આગળ રહેશો અને પહેલા હોવાનો લાભ મળશે.

